तारंगाजी

ता. 22-1-11

# हाथीनी अंबाडीअे फूल लई जवा जेटलुं
# सुलभ कार्य

स्वानुभूतिमार्गप्रकाशक पूज्य गुरुदेवश्री फरमावता हता के हाथीने अंबाडी उपर फूल ऊंचकीने लई जवा जेटलुं सम्यग्दर्शन प्राप्त करवुं सहेलुं छे. आपणने प्रोत्साहित करवा माटे आवुं कह्युं हशे के खरेखर आटलुं सहेलुं लाग्युं हशे माटे कह्युं हशे? जेटला-जेटला जीवो सम्यग्दर्शन पाम्या छे तेमने जो सहेलुं लाग्युं होय तो जे सम्यग्दर्शन त्राजवे मेरु तोळवा जेवुं महा पुरुषार्थथी प्राप्त थाय तेवुं छे तेने आटलुं सहेलुं मानवानुं–कहेवानुं कांई कारण तो होवुं ज जोईअे ने? विचारीअे—

ग्रंथाधिराज श्री समयसारमां आचार्यदेवे आत्माने ठेरठेर ज्ञानमात्र कहीने शुद्धात्मानुं वर्णन कर्युं छे. अनंतधर्मोना अधिष्ठाता आत्मामां अेक अद्भुत अचिंत्य चमत्कारिक ज्ञानगुण छे के जे समये समये स्वज्ञेयरूप ज्ञायकनी तेम ज परज्ञेयरूप रागादि परद्रव्योंनी प्रसिद्धि करी रह्यो छे. ज्ञानगुणनी परिणतिमां अेक अद्भुतता अे रहेली छे के ते प्रति समय स्वज्ञेय संबंधी ज्ञानाकारे अने परज्ञेयसंबंधी ज्ञेयाकाररूप ज्ञानाकारे परिणमी ज रह्युं छे अेटले के ते प्रति समय पोताना ज्ञानमां ज्ञायकनी पण प्रसिद्धि करी ज रह्युं छे ने परज्ञेयोनी पण प्रसिद्धि करी ज रह्युं छे. ज्ञानगुणना प्रति समयना परिणमनना अे ज अद्भुतता छे के ते प्रतिसमय स्व अने परना ज्ञानाकारने जाणतुं ज परिणमे छे; ज्ञान स्वपरप्रकाशकपणे ज परिणमी रह्युं होवाथी आबाळ-गोपाळने जेम परज्ञेयो जाणवामां आवी रह्या छे तेम ज्ञायक पण साथोसाथ जाणवामां आवी ज रह्यो छे.

तेनो अर्थ अे थयो के जे प्रतिसमय ज्ञानमां जणाई ज रह्यो छे अेवा ज्ञायकने जाणवो-मानवो-अनुभववो त हाथीनी अंबाडी उपर फूल ऊंचकीने लई जवा जेटलुं ज सहेलुं गणाय ने!

जो आटलुं बधुं सहेलुं होय तो त्राजवे मेरु तोळवा जेटलुं अघरुं केम कह्युं? के भाई! खरेखर तो सहेलुं ज छे, अघरुं छे ज नहीं. ज्ञान प्रत्येक समये ज्ञायकने जाणतुं ज परिणमतुं होवा छतां साथोसाथ परनी पण प्रसिद्धि करतुं परिणमतुं होवाथी, पोताना ज्ञेयाकाररूप ज्ञानाकारमां जे जे ज्ञेयो निमित्त बने छे ते ते ज्ञेयोने ज हुं जाणुं छुं अेम जाणतो थको, अनादिना अध्यवसानवश, ते ज्ञेयोमां अेकत्व करी बेसे छे तेथी ते ज ज्ञान-परिणतिमां—ते ज ज्ञानाकारमां स्वज्ञेय पण प्रसिद्धि पामी रह्यो छे तेने अज्ञानी जाणतो नथी माटे अधूरुं कहेवाय छे. जेम ज्ञेयाकारमां निमित्तभूत परज्ञेयोने

हुं जाणुं छुं—अेम जाणे छे तेम जो ज्ञानाकारमां जे ज्ञायक जणाय तेने हुं जाणुं छुं—अेम जाणे तो जे जणाई रह्यो छे ते ज्ञायक ज हुं छुं अेम श्रद्धान उदित थई जाय छे. माटे सम्यग्दर्शन सहेलुं छे, अघरुं नथी.

ज्ञान अे आत्मानो गुण छे अने अे गुणना कार्यनी अेज तो विशेषता छे के प्रत्येक समये स्वज्ञेयनी प्रसिद्धिपूर्वक ज परज्ञेयनी प्रसिद्धि करे छे. तेथी जेम परनी प्रसिद्धि द्वारा परनुं लक्ष करी बेसे छे तेम जो स्वज्ञेयनी प्रसिद्धि द्वारा स्वनुं लक्ष करे तो आत्मानुं ज्ञान उदित थई जाय छे. स्वपरप्रकाशकपणाथी जेम अज्ञानी मिथ्यात्वने सहेलाईथी साधी ल्ये छे तेम निकटभवी जीव स्वपरप्रकाशकपणाथी सम्यक्त्वने सहेलाईथी साधी ल्ये छे. माटे हाथीनी अंबाडी उपर फूल लई जवा जेटलुं आ कार्य सहेलुं छे.

दर्पण प्रतिबिंबनी प्रसिद्धि त्यारे ज करी शके छे के ज्यारे तेनी वर्तमान स्वच्छता प्रगट होय; जो वर्तमान स्वच्छता धूंधळी होय तो ते प्रतिबिंबनी प्रसिद्धि करी शकतुं नथी. अर्थात् दर्पण जे कांई प्रतिबिंबने प्रसिद्ध करे छे त्यारे दर्पणनी वर्तमान स्वच्छतानी प्रसिद्धि थई रही ज होय छे. परंतु प्रतिबिंबने जाणवाना लोभीने मात्र प्रतिबिंब ज देखाय छे, तेने दर्पणनी स्वच्छता भासती ज नथी, देखाती ज नथी, ते तरफ तेनुं लक्ष जतुं ज नथी, तेथी तेने न तो दर्पणनी स्वच्छता देखाय छे के न तो दर्पण!

तेवी रीते ज्ञान-दर्पण स्वपरप्रकाशकपणा वडे परज्ञेयोनी प्रसिद्धि ज्यारे करती होय छे त्यारे तेमां स्वनी प्रसिद्धि थई ज रही होय छे. ज्ञानदर्पणनो अेवो ज कोई अद्भुत स्वभाव छे के परनी प्रसिद्धि काळे स्वनी प्रसिद्धि करती ज रहे. परंतु परज्ञेयलुब्ध जीवो–परने जाणवाना लोभी जीवोने परनी प्रसिद्धि तरफ ज लक्ष जतुं होवाथी स्वनी प्रसिद्धि तरफ लक्ष जतुं ज नथी. तेथी जाणनारो जणाई रह्यो छे ते हुं छुं अेम ज्ञान-श्रद्धान उदित थतुं नथी. परंतु जो जीव ज्ञानना स्वपरप्रकाशकपणानी अद्भुततामां ऊंडाणमां जाय तो आहाहा! प्रत्येक समय मारा ज्ञानमां हुं जणाई रह्यो छुं ने! गजब वात छे!—अेम अंदरथी उल्लसित वीर्य उछळता आ जाणनारो ज्ञायक जणाई रह्यो छे ते हुं ज छुं अेम ज्ञान-श्रद्धान उदित थया विना रहेतुं नथी.

स्वपरप्रकाशकपणानी विशेषता समजवा जेवी छे. जे जीवनो संसारसमुद्रनो किनारो अति अति दूर छे ते जीवने स्वपरप्रकाशकपणामां जे परप्रकाशकपणुं थई रह्युं छे तेमां जे जे ज्ञेयो निमित्त बने छे तेमां ते अहम्पणुं करी बेसे छे अने जे जीवनो संसारसमुद्रनो किनारो अति निकट छे ते जीवने स्वपरप्रकाशकपणामां जे स्वप्रकाशपणुं थई रह्युं छे तेमां जे ज्ञायक जणाई रह्यो छे तेमां ते अहम् करी ल्ये छे के आ जाणनारो जणाय छे ते ज हुं छुं! संसारसमुद्रमां डूब्या रहेवुं पण सहेलुं ने संसारसमुद्र तरी जवो पण सहेलो!

बे मित्रोने दूध पीवानी इच्छा थतां बन्नेने काचना ग्लासमां अडधो-अडधो ग्लास दूध पीवा आप्युं. अेक मित्र ग्लासमां रहेला दूधनुं लक्ष करीने मने दूध पीवा मळ्युं तेम प्रसन्न थाय छे ने बीजो मित्र अडधा खाली ग्लासनुं लक्ष करीने अरेरे! मने दूध पीवा न मळ्युं अेम दुःखी थाय छे. बन्नेने सरखुं मळवा छतां लक्षथी संतोष ने लक्षथी दुःखी।' तेवी रीते स्वपरप्रकाशकपणामां स्वज्ञेय पण जणाई रह्यो छे ने परज्ञेयनी पण प्रसिद्धि थई रही छे. जे जीव स्वज्ञेयनुं लक्ष करे छे तेने ज्ञायक जणातां हुं ते ज्ञायक ज छुं अेम आनंदनी अनुभूति थाय छे अने जे जीव परज्ञेयनुं लक्ष करे छे तेने पर जणातां हुं परज्ञेयरूप छुं अेम दुःखरूप अनुभूति थाय छे. लक्षनी बोलबाला छे. जेने सुखी थवुं होय, अतीन्द्रिय आनंदने अनुभववो होय तेणे लक्ष फेरववानुं छे के आ जाणनारो जणाई ज रह्यो छे ते ज हुं ज्ञायक छुं. ज्यां सुधी पर जणाई रह्युं छे तेम परनुं लक्ष करतो रहेशे त्यां सुधी अनंत दुःखी रहेशे. लक्ष फेरववानुं छे के स्वपरप्रकाशकपणा वडे प्रत्येक समय जाणनारो जणाई रह्यो ज छे ते ज हुं छुं. ज्ञानना निर्णयमां अेटलुं जोर आववुं जोईअे, अेटलो विश्वास उपजवो जोईअे के मारा स्वपरप्रकाशकपणामां हुं जणाई रह्यो ज छुं—आवुं जोर आवतां, लक्ष जे परज्ञेयो जणाई ज रह्या होवा तरफ हतुं ते लक्ष पलटीने स्वज्ञेय तरफ वळी जाय छे माटे, आ कार्य सहेलुं छे अेम ज्ञानीओ कहे छे. ते कांई उपचारमात्र नथी परंतु वास्तविकता छे.

विशेष विचारीये—प्रमाणना लोभमां ने निश्चयाभासना डरथी जेम जीव व्यवहारनुं अवलंबन छोडी शकतो नथी तेम स्वपरप्रकाशक तो मारो स्वभाव छे ने! अेटले हुं परने जाणुं छुं; जो 'हुं परने जाणतो नथी' तो मारा स्वभावनो में अस्वीकार कर्यो—अेम परनुं लक्ष छोडी शकतो नथी. परंतु अेकवार निश्चयाभासनो डर छोडीने निश्चयनुं अवलंबन ल्ये तो कार्यसिद्धि अवश्य थई जाय; तेम अेकवार स्वपरप्रकाशक स्वभाव वडे हुं स्वने ज जाणुं छुं, परने जाणतो नथी—अेम परने जाणवानो लोभ छोडीने स्व जणाई रह्यो छे अेवा निर्णयपूर्वक स्वनुं लक्ष करे तो कार्यसिद्धि थई जाय. परंतु जेम व्यवहार छे तो खरो ने! अेम ज्यां सुधी रहेतुं होय त्यां सुधी व्यवहारनो पक्ष छूटीने निश्चयमां आवी शकतो नथी; तेम परप्रकाशकपणुं छे तो खरुं ने!—अेम परप्रकाशकपणाना पक्ष वडे परनुं लक्ष रहेतुं होवाथी परनुं लक्ष छोडी शकतो नथी.

भाई! परप्रकाशकपणुं पण स्वभाव छे अेटले के स्वप्रकाशपणुं जेम स्वनो भाव छे तेम परप्रकाशकपणुं पण स्वनो पोतानो ज भाव छे. स्वप्रकाशकपणुं अने परप्रकाशकपणुं बंने ज्ञानना ज आकारो छे; ज्ञान-परिणतिना उपादान वडे ज ते आकारो बन्या छे परंतु स्वना आकारमां जेवो स्वज्ञेय–ज्ञायक छे तेवो आकार बन्यो छे ने परना आकारमां जेवा परज्ञेयो निमित्तभूत छे तेवो आकार बन्यो छे. अर्थात् परप्रकाशकपणामां परज्ञेयना निमित्तपणामां ज्ञाननो जे आकार बन्यो ते ज्ञाननो पोतानो

ज आकार होवाथी परप्रकाशकपणामां पण स्वनो भाव ज परिणम्यो छे, ज्ञाननी ज प्रसिद्धि थई छे, ज्ञान ज जणाई रह्युं छे, ज्ञेयाकाररूप ज्ञानाकार ज जणाई रह्यो छे; पर जणाय छे ते तो निमित्तनी अपेक्षाअे कथन कराय छे, उपादान तरफथी कथन करीअे तो परप्रकाशकपणुं अे ज्ञाननो ज आकार होवाथी ज्ञानाकार जणाय छे, पर जणातुं ज नथी.

पुरुषार्थप्रेरणामूर्ति पूज्य गुरुदेवश्री तो घणी सूक्ष्मता सुधी लई जवा मागे छे. परप्रकाशकपणामां पण मारा ज्ञाननी पर्याय ज जणाय छे, पर जणातुं नथी अेटले सुधी आव्यो छतां ते हजुं ज्ञेयाकाररूप ज्ञानपर्यायमां ज ऊभो छे अेटले के ते पण हजुं पर्यायबुद्धिमां ज ऊभो होवाथी मिथ्यादृष्टि छे. परने जाणुं छुं अेम परनी सन्मुखतावाळो तो क्यांय दूर रह्यो पण परसंबंधी ज्ञानाकार ज्ञान जणाय छे अेटले सुधी आव्यो छतां पर्यायमां ज ऊभो होवाथी ते हजु मिथ्यादृष्टि छे. अरे! स्वपरप्रकाशकपणामां स्वज्ञेयरूप ज्ञायकनो जे आकार जणाय छे ते मारो ज्ञानाकार छे ने हुं तेने जाणुं छुं अेम स्वज्ञेय संबंधी ज्ञानाकार ज्ञाननो स्वीकार करीने ज्ञानाकारमां ज ऊभो छे त्यां सुधी पण पर्यायबुद्धि होवाथी मिथ्यादृष्टि ज छे. जेम परसंबंधी ज्ञेयाकाररूप ज्ञानाकारना स्वीकारमां ऊभो छे तेम स्वज्ञेयसंबंधी ज्ञानाकारना स्वीकारमां ऊभो छे—ते बन्नेमां ऊभो छे त्यांसुधी पर्यायनो ज स्वीकार होवाथी पर्यायदृष्टि होवाथी मिथ्यादृष्टि ज छे.

प्राथमिक निर्णयमां परप्रकाशकपणामां परसंबंधी ज्ञेयाकाररूप ज्ञानाकार जणाय छे, पर जणातुं नथी अेम परथी खसीने ज्ञानाकारनो स्वीकार आवे छे तथा स्वपरप्रकाशकपणामां स्वज्ञेयसंबंधी ज्ञानाकारनो स्वीकार आवे छे. आटलो स्वीकार आव्या बाद, स्वज्ञेयसंबंधी ज्ञानाकार ज्ञानमां जेनो आकार जणाय रह्यो छे ते स्वज्ञेयरूप ज्ञायक ते ज हुं छुं, स्वज्ञेयसंबंधी ज्ञानाकार ते हुं नथी—अेम ज्ञानाकाररूप पर्यायबुद्धि छूटीने, तेमां जेनो आकार थई रह्यो छे अेवो ज्ञायक ते ज हुं छुं अेम स्वज्ञेयमां अहम्‌बुद्धि करे छे त्यारे जाणनारो जणाय छे ते ज हुं छुं अेवी सम्यग्दृष्टि प्रगट थाय छे.

स्वपरप्रकाशक पर्यायमां जेम परसंबंधी ज्ञान जणाय छे तेम स्वसंबंधी ज्ञान जणाय छे, ते पर्यायमां जेम पर आवतुं नथी तेम ते पर्यायमां स्व-ज्ञायक आवतो नथी. आटलो निर्णय करीने ते पर्यायमां जे स्व-ज्ञायकसंबंधी ज्ञान थाय छे ते पर्याय ते हुं नथी पण ते पर्यायमां जेनुं ज्ञान थाय छे अे ज्ञायक ते हुं छुं अेम ज्ञायकमां अहम् करे तो सम्यक्त्व! अने ते पर्यायमां परसंबंधी जे ज्ञान थाय छे ते जे ज्ञेयनुं ज्ञान थाय छे ते परज्ञेय ते हुं छुं अेम परमां अहम् करे तो मिथ्यात्व! अे रीते स्वपरप्रकाशकस्वभावना अचिंत्य सामर्थ्यना चिंतन-मनन वडे आपणे सौ ज्ञायकमां अहम्‌पणुं स्थापीअे अेवी भावना सह....